## જન્મદિને વધામણી



કુંવરજીભાઈ એ પટેલ
પ્રમુખ, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ અને અન્નપૂર્ણા ધામ
ફોન : ૨૩૨ ૨૩૭૨૭



નીરૂબેન મૂળજીભાઈ પરમાર
પ્રમુખ, ડો. ભીમરાવ ભજન મંડળ, મો. ૯૮૨૪૨ ૩૬૮૯૩



જયંતિભાઈ બી ઘેડિયા
મો. ૯૭૨૩૮ ૪૪૧૦૦



કેશવગિરિ ગોસ્વામી



ધનીબેન પુરષોત્તમદાસ પુરાણી
મો. ૭૦૪૧૧ ૦૩૮૦૧



મોતીભાઈ મગનભાઈ વણકર
મો. ૯૯૦૪૬ ૧૩૦૩૪



પાયલબેન સુનિલકુમાર દવે
મો. ૯૪૨૮૬ ૬૨૬૦૦



રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



પૂજા મિહિર ભટ્ટ



વિહા મૌલિક પટેલ
મો. ૯૭૨૩૯ ૪૮૪૦૦



હૃદય રાજા ચક્રવર્તી
મો. ૯૦૧૬૫ ૬૦૬૯૫



યજત કૃણાલ રાવલ

# નર્મદા નિગમના કર્મચારીઓનો નિવૃત્તિ સમારોહ યોજાયો



નર્મદા નિગમ મુખ્ય કચેરી ખાતે વિવિધ શાખામાં ફરજરત એસ કે બલાત, રમેશભાઈ લખવારા, વિષ્ણુભાઈ પટેલ, મુળજીભાઈ વણકર, હસમુખભાઈ પટેલ, ધનજીભાઈ મકવાણા, મધુબેન રાવલ, જશીબેન પરમાર વય નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં સરદાર સરોવર નર્મદા નિગમના મુખ્ય જનરલ મૅનેજર વી જે રાજપૂત (આઈએઍસ), ડી ઍમ પઠામ, એજીઍમ (પી), આર જી આચાર્ય, ઍસ બી દોશી, બી પી સુતરીયા, વિ જે સાવલિયા તથા અન્ય કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વય નિવૃત્ત થતા કર્મચારીઓના જીવન તથા દીર્ઘ આયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મંથન ભટ્ટ, ઍચ વી સોની, ભરત પટેલ, દિલીપ આર પટેલ, મનોજ બેલાણી, લલિતાબેન સોલંકી, કુમુદીબેન ભટ્ટ તથા અન્ય કર્મચારીઓએ જહેમત ઊઠાવી હતી.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા નવા વિદ્યાર્થીઓને આવકાર અપાયો





## સામાજિક સેવા થકી વ્યક્તિત્વ વિકાસ માટે ઍનઍસઍસ એક ઉમદા તક પ્રદાન કરે છે : સુનિલભાઈ સોની

ગાંધીનગર, તા. ૩૦

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા ફાર્મસી હૉલ ખાતે નવા વિદ્યાર્થીઓને આવકારવા માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ સુનિલભાઈ સોની, પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાને સામાજિક સેવા થકી વ્યક્તિત્વ વિકાસ માટે ઍનઍસઍસ ઉમદા તક પ્રદાન કરે છે એમ જણાવ્યું હતું અને સમાજની સમસ્યાઓ હલ કરવા પ્રવૃત્ત થવા યુવાઓને આહ્વાન કર્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ નવા વિદ્યાર્થીઓને આવકારતાં શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રૉ. સમીર પંડ્યાએ આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિકાસ રાજગોર, સાહિલ પટેલ, મિત સોની, જૈમિન પટેલ, સૂરજ મુંજાણી, પ્રિયંકા ચાવડા, પ્રાર્થના દલવાડી, પાર્થ દલવાડી, પિન્કલ પટેલ, ભવદીપસિંહ વાળા, સંધ્યા, વાસુદેવસિંહ, કુલદીપ, અજયપુરી ગોસ્વામીએ જહેમત ઊઠાવી હતી.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આજે ભલે રીક્ષા ચલાવુ છું હું એક દિવસ કાર ચલાવીશ



(કશ્યપ નિમાવત દ્વારા)

તસવીર જોઈ લીધી હોય તો બે વાતની સ્પષ્ટતા. પહેલી એ કે આ તસવીર છોકરાની નહીં, છોકરીની છે અને બીજી એ કે હા, અહીં તસવીરમાં દેખાય છે એ રીક્ષા આ છોકરી જ ચલાવે છે.

નામ એનું રમીલા ચંદુભાઈ રાવળ. મૂળ વિરમગામની આ બાવીસ વર્ષીય યુવતિ ગાંધીનગર શહેરમાં રીક્ષા ચલાવે છે અને પોતાની આજીવિકા રળે છે. રમીલાનો નાનો ભાઈ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. સૅક્ટર-૧ ૩ના છાપરામાં રહેતી રમીલાનું ગુરુવારે યુથ હૉસ્ટેલ ખાતે જ્યોતિ મહિલા મંડળ દ્વારા મેયર પ્રવીણભાઈ પટેલ અને મંડળનાં પ્રમુખ લતાબેન ચોક્સીના હસ્તે સન્માન કરવામાં આવ્યું ત્યારે સૌએ તાળીઓના ગડગડાટથી આ હોંશભરી યુવતિને વધાવી લીધી હતી. ધોરણ-૭ના અભ્યાસ બાદ પરિવારની આર્થિક સંકડામણને કારણે આ યુવતિને અભ્યાસ છોડવો પડ્યો ને તેણે લોકોને ઘેર કામ કરવાનું શરૂ કર્યું. પણ તેને આનાથી સંતોષ ન હતો, જેના દિમાગમાં કંઈક બીજું જ ચાલતું હતું. સામાન્યતઃ છોકરીઓ મોપેડ કે ગિયર વગરનાં સ્કૂટર ચલાવે છે, પણ રમીલાએ બાઈક ચલાવવાનું શરૂ કર્યું, એમાંથી વાહન ચલાવવાનો શોખ પણ પૂરો થાય ને આજીવિકા પણ રળી શકાય એવો ઉપાય સૂઝ્યો. શરૂઆતમાં તો પિતાએ વિરોધ દર્શાવ્યો કે દીકરીથી રીક્ષા ન ચલાવાય, લોકો શું કહેશે ? પરંતુ, દૃઢ નિશ્ચયી રમીલાને માતાનો સાથ મળ્યો અને તેમની સંમતિથી છેલ્લાં ૧ વર્ષથી રમીલાએ હર્ષપૂર્વક આ વ્યવસાય અપનાવી લીધો.

સવારે ૭.૩૦ વાગ્યે સૅક્ટર-૬ કડિયાનાકાથી એ કામની શરૂઆત કરે છે અને ૧૦ વાગ્યે સરકારી કર્મચારીઓને ઑફિસ પણ પહોંચાડે છે. બપોરે લોકોનાં ઘરનાં કામ કરે છે ને સાંજે પુનઃ રીક્ષા ચલાવવામાં જોતરાઈ જાય છે. ડ્રાઈવિંગ એને ગમે છે તેથી ભવિષ્યમાં મોટી કાર ચલાવવાની તેની ઈચ્છા છે. ગ્રાહકોને મહત્તમ સારી સર્વિસ આપવાના યુગમાં રમીલા મોબાઈલ ફોન પણ રાખે છે અને મુસાફરો કૉલ કરે તો રીક્ષા લઈને પહોંચી પણ જાય છે. તમારેય રમીલાની રીક્ષામાં સવારી કરવી હોય તો કરી શકો છો. મોબાઈલ નંબર ૯૭૧૪૧ ૮૫૯૧૬.





મગોડી વૃધ્ધાશ્રમ ખાતે ક્રિએટીવ ક્લબ, ગાંધીનગરના યુવાનો દ્વારા વડીલો માટે નિઃશુલ્ક મૅડિકલ ચેક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સૅસિલ, સંકેત પોપટ, પ્રિયાંક ઠક્કર અને ક્લબના મૅમ્બર્સ આ સેવાકાર્યમાં જોડાયા હતા. ચૅક-અપ બાદ વડીલોને જરૂરી દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
ટારઝન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫
ટારઝન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
૧૦.૦૦, ૧.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
રમણ રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૫**
શોરગુલ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
જુનૂનિયત
૬.૪૫

## શિક્ષણનો વ્યાપ વધારવા બિન સરકારી સંસ્થાઓનો સહયોગ પણ આવશ્યક

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યપાલ ઓ પી કોહલીએ જણાવ્યું હતું કે સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકારના પ્રયાસોમાં બિનસરકારી સંસ્થાઓનો પણ સહયોગ આવશ્યક છે, જેનાથી ગરીબ અને પછાત વર્ગનાં બાળકોને શિક્ષણની તકોમાં વૃધ્ધિ થશે.

રાજભવનમાં બુધવારે આયોજિત કાર્યક્રમમાં વલ્ડ્ર્સ ચિલ્ડ્રન્સ રિપોર્ટ-૨૦૧૬નું વિમોચન કરતાં રાજ્યપાલે આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે સમાજમાં શિક્ષિત લોકોએ પોતાની આસપાસનાં નિર્ધન અને પછાત, શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષિત કરવામાં પોતાનું વ્યક્તિગત યોગદાન આપી પોતાનું સામાજિક દાયિત્વ નિભાવવું જોઈએ. તેમણે વિધિપૂર્વકના શિક્ષણની સાથે-સાથે અવિધિપૂર્વકના શિક્ષણની ક્ષમતા ઓળખવા ઉપર પણ ભાર મૂક્યો હતો.

યુનિસૅફના ચીફ ડૉ. લક્ષ્મી ભવાનીએ અહેવાલના મુખ્ય મુદ્દાઓ અંગે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. ઍમ ઍસ યુનિવર્સિટીના પ્રૉફેસર આર સી પટેલ તથા પ્રૉફેસર ડૉ. પ્રેરણા મોહિતે પણ શિક્ષણમાં અસમાનતા સંદર્ભે પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા.

# દેશના ચોપન ટકા કૃષિકારોને કૃષિક્ષેત્ર પસંદ નથી !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી

આજે વર્તમાનપત્રો, ટીવી વગેરેમાં દેશ બદલાઈ રહ્યો છે એવી જાહેરાત અવિરત આવવા લાગી છે, કેન્દ્ર સરકારનાં બે વર્ષ પૂર્ણ થયાં તેની દિલ્હી ખાતે જોરશોરથી ઉજવણી પણ કરવામાં આવી. 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ સૂત્ર હૃદયમાં છેક આત્મા સુધી ઉતરીને હૂંફાળો સ્પર્શ કરી જાય તેવું છે તેમાં કોઈ શંકા નથી પરંતુ માત્ર સૂત્ર કે જાહેરાતથી અમુક સમય લોકોને ઝકડી રાકી શકાય છે, ત્યાં સુધીમાં વાસ્તવિકતામાં પણ નક્કર સુધારણા આવશ્યક હોય છે. કડવી સચ્ચાઈને નજરઅંદાજ કરીને વિકાસયાત્રા માત્ર ઉજવણીઓથી જ આગળ લઈ જવામાં પ્રજા સાથે રહેશે કે કેમ એ પ્રશ્ન ઊભો રહે છે ! બધી જાતિ-જ્ઞાતિ-જૂથ કે વાદને વિકાસ ગમે છે છતાં વિકાસ થતો જાય છે તેવો અહેસાસ જો ના થાય તો લાંબા ગાળે શાસનકર્તા પ્રત્યે રૂચિ અને રસ ટકતા નથી. ભારતવર્ષમાં સદીઓથી જ્યાં વધુ લોકો પોતાની આજીવિકા માટે જોડાયેલા છે તે કૃષિક્ષેત્ર હવેથી કૃષિકારોને કડવું શા માટે લાગી રહ્યું છે ? એ વિષય ઉપર ધ્યાન આપવું અતિ જરૂરી છે. આજે પણ અંદાજે ૬૫થી ૬૮ ટકા લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતીવાડી ક્ષેત્ર સાથે સંલગ્ન છે. બીજા અર્થમાં આપણે ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રવૃત્તિ કે આવકવૃધ્ધિમાં સફળ રહ્યા નથી. કૃષિક્ષેત્રમાં કામ કરનારાને આ ક્ષેત્ર પસંદ રહ્યું નથી એવું તાજેતરના સર્વેમાંથી જાણવા મળ્યું ! ખેતીક્ષેત્રની ઘણી સમસ્યાઓ પ્રવર્તે છે તેના નિરાકરણમાં નક્કર કાર્યો નહીં થતાં વિવિધ બાબતે કૃષિકાર વર્ગ નિરાશ છે. આર્થિક દૃષ્ટિએ પ્રવૃત્તિ નફાકારક ના રહે તો ત એમાં કામ કરનાર વર્ગ રૂચિ ગુમાવે એ સમજી શકાય છે. સમય જતાં જમીનધારક પાસે કૃષિલાયક જમીનો નાની થતી ગઈ છે, ઉત્પાદન બજારમાં આવે અને ભાવો પાતાળમાં જવા લાગે, ઉત્પાદન ખર્ચની સતત વૃધ્ધિ વગેરે કારણોથી કૃષિકારો સતત ચિંતામાં રહ્યા કરે છે અને વર્ષો જૂનો વારસાગત વ્યવસાય ત્યજી શકતા નથી. છતાં નોંધપાત્ર બાબત એ છે કે ૧૯૭૬ બાદ સૌરાષ્ટ્રમાંથી સુરત ખાતે હિરા ઉદ્યોગમાં ઘણો મોટો વર્ગ કામ કરવા જતો રહ્યો પછી પાવરલૂમની પ્રવૃત્તિમાં લોકો ગયા અને છેલ્લા એક દાયકામાં કૃષિક્ષેત્રના લોકો રિયલ એસ્ટેટમાં શિફ્ટ થઈ ગયા છે અથવા ઉત્તર ગુજરાતના લોકો વિદેશમાં મોટેલ્સમાં ગોઠવાતા રહ્યા છે, સમય જતાં હવે ખેતીવાડીના માલિકો ખુદ કૃષિ પ્રવૃત્તિ કરવાના બદલે બીજા પાસે આ કામ કરાવી રહ્યા છે, ગ્રામકક્ષાએ યુવાવર્ગ જે કૃષિક્ષેત્રમાં કાર્યરત હતો તે અન્યત્ર રોજગારી માટે સ્થળાંતર કરી ગયો છે. કૃષિ માટેની સ્કીમ્સ, જોગવાઈઓ, ચેનલ વગેરેનું લિસ્ટ તપાસીએ તો લાગે કે ઘણું બધું સરકાર કરી રહી છે. તોય અર્ધાથી વધુ કૃષિકારોને કૃષિથી શા માટે નફરત પેદા થઈ છે ? આ માટે વિચારણા થવી જોઈએ. કૃષિ સાથે સંખ્યાબંધ આનુષંગિક પ્રવૃત્તિઓ પણ અવિરત રીતે આવક આપે છે. જેમકે પશુપાલન, બાગાયત, ઔષધિય પાકો, વનસ્પતિ-જન્ય પ્રવૃત્તિઓ વગેરે. આ ક્ષેત્રમાં પ્રશ્ન મૂળ જે નડે છે તે સિંચાઈ માટેના જળપ્રબંધનની ઉણપ અને નબળાં કામ !! બજેટ દ્વારા કરોડોનાં કામોની રૂપરેખા જાહેર થાય પછી શું થાય છે કે નથી થતું તે પ્રત્યેક ભારતીય નાગરિક જાણે જ છે. બજેટ એ સદાચારને કબડ્ડીમાં હરાવવાનું કામ કરે તો પછી ન્યાયસર્જન કે આર્થિક સક્ષમતા ક્યાંથી પ્રવેશી શકશે ?



કૃષિકારો એ દેશની આંતરિક શક્તિના ભંડારોનું સર્જન કરે છે. મોરચા ઉપર જવાન અને દેશની અંદર કિસાન એ બંનેનું મૂલ્ય રાષ્ટ્રના લોકોએ અવશ્ય કરવું જોઈએ. કૃષિવૃત્તિ અને પ્રવૃત્તિ બંધ થાય તો વિકાસ જવા દો, શ્વાસ લેવાનું પણ અટકી જઈ શકે છે ! જમીન સુધારણા, પીયત માટેનું પાણી, ઉત્પાદનને સંઘરવાની વ્યવસ્થા, લઘુત્તમ ટેકાના યોગ્ય ભાવો, વહીવટી ઝડપી કાર્યશૈલી, કૃષિકારોના મનની વાત ઉપર કાર્યવાહી કરવામાં જે નિષ્ફળતા મળી તેનાથી ખેડૂતવર્ગ રાજી નથી. પાણી માટેનાં યુદ્ધો શરૂ થઈ ગયા છતાં આપણે જળપ્રબંધન માટે જાગૃત થયા નથી. વરસાદી જળને રોકવા, ટકાવવા અને વિતરણપ્રથાને અમલી કરવા હજી મક્કમ નથી. એ કરી શકીશું તો કૃષિને બચાવી શકીશું.

અંતે, શ્યામ સાધુનો શેર :

આજે તો પેલા મોરના ટહુકાય ક્યાં રહ્યા ? પીંછાના જેવો હું જ ફક્ત ફરક્યા કરું !!

### શબ્દસભાના ઉપક્રમે

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શનિવારે અમદાવાદમાં કવિ સંમેલન

## ચિનુ મોદીની અધ્યક્ષતામાં રવિશંકર રાવળ કલાભવન ખાતે સાંજે પાંચ કલાકે કવિ સંમેલન યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'શબ્દસભા'ના ઉપક્રમે કવિ સંમેલનનું આયોજન શનિવારે કરવામાં આવ્યું છે.

શબ્દસભા છેલ્લાં પચીસ વર્ષથી ચિનુ મોદીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતે દર શનિવારે સાંજે મળે છે, જેમાં નિવડેલા તેમજ નવોદિત યુવા કવિઓ નિયમિત આવે છે અને કવિતાનો પાઠ કરે છે. આ ઉપરાંત કવિતાલક્ષી ચર્ચાઓ પણ આ બેઠકમાં થાય છે.

આગામી શનિવારે પણ શબ્દસભાના ઉપક્રમે કવિ સંમેલન : કાવ્ય સત્ર-૪નું આયોજન ચિનુ મોદીના અધ્યક્ષ સ્થાને સંસ્કૃતિ હોલ, રવિશંકર રાવળ કલાભવન, ઍલિસબ્રિજ જીમખાના પાસે, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે સાંજે પાંચ કલાકે કરવામાં આવ્યું છે.

આ સત્રમાં કિશોર પંડ્યા, તથાગત પટેલ, જયંત ડાંગોદરા, રમેશ દરજી, પ્રતાપસિંહ ડાભી, યજ્ઞેશ વ્યાસ, યોગેશ ભટ્ટ, રાધિકા પટેલ, અક્ષર દવે, આગમ શાહ, પાર્થ પ્રજાપતિ દ્વારા પોતાનાં કાવ્યોનો પાઠ કરવામાં આવશે. કવિ સંમેલનના સંયોજક તરીકેની ભૂમિકા કવિ મનીષ પાઠક 'શ્વેત' અદા કરશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસના પહેલા સપ્તાહનો વિષય છે :

## 'મારા પ્રેમાળ પાડોશી'